# ફુટપાથ પર જોખમી વૃક્ષોનો ખતરો

**નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ યથાવત : કપાયેલા વૃક્ષોના થડીયા પણ દુર કરાતા નથી : અવારનવાર નાગરિકો અકસ્માતનો ભોગ બને છે : સે-૧૨ માં ફુટપાથ પર કપાયેલા વૃક્ષનુ તોતિંગ થડ પણ નડતરરૂપ બન્યુ છે**

ગાંધીનગર તા ૩૦

શહેરના વોક વે પર કપાયેલા વૃક્ષોના થડીયા હજુ પણ દુર કરાતા નથી. જયારે ફુટપાથ પર વૃક્ષોની નમી પડેલી ભયજનક ડાળીઓ તેમજ જોખમી વૃક્ષો પણ યથાવત હોવાથી વોકીંગ કરતા નગરજનો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. સે-૧૨ સ્થિત આંબેડકર હોલ પાછળ સ્થિત ફુટપાથ પર ધરાશાયી થયેલા વૃક્ષનુ થડીયુ હજુ પણ નડતરરૂપ બની રહ્યુ છે. જોખમી વૃક્ષોની સંખ્યા હજુ પણ નગરમાં યથાવત છે.

ગાંધીનગર શહેરમાં હરિયાળી વનરાજી વચ્ચે સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. વનતંત્ર દ્વારા સુકા વૃક્ષો દુર કરવાની ઝુંબેશના અંતે શહેરમાંથી ૩૦૦ જેટલા સુકા વૃક્ષો અગાઉ દુર કરાયા હતા. જયારે સુકા વૃક્ષોનુ માર્કીંગ કરીને તંત્ર દ્વારા સતત આ વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે. આમછતા સુકાવૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. શહેરમાં સુકા અને અન્ય જોખમી પ્રકારના વૃક્ષોની સંખ્યા હાલ વિશેષ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વરસાદી દિવસોમાં વારંવાર વૃક્ષો ધરાશાયી થતા હોવાના કીસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. આવા સંજોગોમાં જોખમી વૃક્ષોના લીધે ઘણીવાર નાગરિકોને ઈજા થતી હોવાના પણ બનાવ બને છે. શહેરમાં વરસાદી દિવસો પુર્વે પણ વનતંત્ર દ્વારા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત નગરમાં નમી પડેલા જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક વિસ્તારમાં પણ અનેકવાર નમી પડેલા વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાના બનાવ બને છે. જયારે ઘણીવાર તોતિંગ ડાળીઓ પણ ગમે ત્યારે નીચે પડકાતા નગરજનો માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે. શહેરમાં સુકા વૃક્ષોને કાપવા માટે પણ અનેકવાર અભિયાન હાથ ધરવામાં આવે છે. બીજીતરફ ફુટપાથ પર અસ્તિત્વ ધરાવતા કેટલાક વૃક્ષો પણ જોખમી હાલતમાં છે. વોક વે પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને છે. સે-૧૨ સ્થિત આંબેડકર હોલની પાછળ ફુટપાથ પર વૃક્ષ ધરાશયી થયુ હતુ. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. જો કે હજુ પણ આ જાડનુ થડ સ્થળ પર જ પડ્યુ છે. નગરના વોક વે પર કપાયેલા વૃક્ષોના થડીયા હજુ પણ નડતરરૂપ બની રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા આ કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરવા માટે કોઈ પગલા લેવાતા નથી.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમારી સત્યવાદી પાર્ટીના નેતા વચન આપે છે કે તેઓ ચૂંટાશે તો તમને પૈસા આપવાનું વચનને બીજી ચૂંટણી લડશે ત્યાં સુધી વચન જ રાખશે...!!**

# શહેરમાં ગરમી યથાવત પારો ૪૦.૬ ડિ.સે.

ગાંધીનગરમાં માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં આકરા ઉનાળાનો અનુભવ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૦.૬ ડિ.સે. પહોંચી જતા વસાહતીઓ આકરી ગરમી અનુભવી રહ્યા છે. બપોરે તો ઘરની બહાર નીકળી શકાતુ નથી.

આગાહી મુજબ જ માર્ચ માસના અંતિમ દિવસોમાં આકરી ગરમી અનુભવાઈ રહી છે. ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ચૂક્યા છે. સવારથી જ આકરો તડકો પડવાનો પ્રારંભ થઈ જાય છે. જેમ જેમ દિવસ ચઢતો જાય તેમ તેમ ગરમી વધતી જાય છે. તડકો તો એટલો આકરો લાગે છે કે ઘરની બહાર નીકળવુ આકરૂ લાગે છે. બપોરે ૧૨ થી ૪ના સમયગાળામાં તો વસાહતીઓ ઘરની અંદર જ પુરાઈ રહી છે. બજારોમાં ભીડ એકદમ ઓછી જોવા મળે છે. સાંજ પછી જ થોડીક ચહલપહલ દેખાય છે જે મોડી રાત સુધી રહે છે. દ્વિચક્રી વાહન પર નીકળવુ સૌથી વધુ કઠિન બનતુ જાય છે. મોઢે રૂમાલ કે દુપટ્ટો બાંધવો પડે છે. એસીનો વપરાશ ધનધનાટ થવા માંડ્યો છે. તો પાણીનો વપરાશ પણ વધી ગયો છે. ઉનાળાના પ્રારંભે જ સેક્ટરોમાં પાણીની તંગી સર્જાવા માંડી છે. કેટલાક સેક્ટરોમાં તો એટલા ધીમા ફોર્સથી પાણી આવે છે કે માંડ પાણી ભરી શકાય છે. આ વર્ષે ઉનાળો અત્યારથી જ સૌને આકરો લાગી રહ્યો છે. જ્યારે લઘુત્તમ તાપમાન પણ ઉંચુ રહેતા રાત્રે પણ હવે તો ઠંડક અનુભવાતી નથી.

# અમિત શાહની રેલીમાં હેલ્મેટ વિનાના બાઈકસવારોને દંડ કરવા માંગ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે ગાંધીનગર લોકસભા બેઠક માટેનું ઉમેદવારીપત્ર ભરવા જવાના હતા, ત્યારે યોજાયેલા ભવ્ય રોડ શો અને રેલીમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

બીજીબાજુ, વલસાડમાં એક અપક્ષ ઉમેદવારે પણ બાઈક રેલી યોજી હતી તો ટ્રાફિક પોલીસે તેમને અટકાવી હેલ્મેટ કેમ નથી પહેર્યા અને કાયદાના ભંગનો ડર બતાવી દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેને લઈ વિપક્ષ કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર તેમ જ તેમના સમર્થકોએ ટ્રાફિક પોલીસ અને તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા કે, તાકાત હોય તો, અમિત શાહની રેલીમાં જોડાયેલા હેલ્મેટ વિનાના બાઈકસવારો પાસેથી દંડ વસૂલી બતાવો.

# રેલ પ્રવાસીઓને પહેલીથી ટિકિટનું રિફન્ડ મળશે

ખરાબ વાતાવરણ કે અન્ય કોઈપણ ટેક્નિકલ કારણસર ટ્રેન મોડી પડશે અને જો રેલ પ્રવાસીની ત્યાર પછીની કનેક્ટિંગ ટ્રેન છૂટી જશે તો રેલ પ્રવાસીને ટિકિટના પૂરી રકમ પરત આપવામાં આવશે. આ અગાઉ એક ટ્રેન મોડી પડે અને બીજી કનેક્ટિંગ ટ્રેન છૂટી જાય તો પ્રવાસીને રિફંડ મળતું ન હતું,પરંતુ હવે ૧લી એપ્રિલથી રેલ પ્રવાસીઓને આ રાહત મળશે. પ્રવાસીઓ અને મુસાફરોના હિત અને તેમના આર્થિક નુકસાનની બાબતને ધ્યાનમાં રાખીને રેલ્વે તંત્ર દ્વારા આ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. રેલ્વે તંત્રના આ નિર્ણયને પગલે લાખો મુસાફરો અને પ્રવાસીઓમાં ખુશીની લાગણી પ્રસરી છે. જો કે, આ સુવિધા મેળવવા માટે પ્રવાસીઓએ તેની બંને ટિકિટના પીએનઆર લિંક કરી દેવાં પડશે. એરલાઈન્સના નિયમોને અનુસરીને રેલવેએ પણ આ નિર્ણય લેતાં પ્રવાસીઓને નાણાકીય નુકસાન નહીં થાય. રેલવે તંત્રના જણાવ્યા મુજબ, જો કોઈ પ્રવાસી કોઈ ચોક્કસ સ્થળની ટિકિટ ખરીદે છે અને ત્યાંથી તેને બીજી કનેક્ટિંગ ટ્રેન પકડવાની હશે તો તેણે સૌ પ્રથમ તેની બંને ટિકિટના પીએનઆર લિંક કરવાં પડશે. આના માટે તે સ્ટેશન ઉપરથી પણ મદદ મેળવી શકશે. હવે કોઈ કારણસર તેની પહેલી ટ્રેન મોડી પડશે અને બીજી ટ્રેન છૂટી જશે કે જે ટ્રેનમાં તેને મુસાફરી કરવાની બાકી છે તે બીજી ટ્રેન ટિકિટનાં પૂરાં નાણાં પરત મળશે.


**ટચૂકડી જાહેર ખબર**

**Name Change**

I had change my name from Mansi Dilipsinh Chauhan to Maheshwari Zalaksinh Chauhan

Sd/-
Chauhan Maheshwari Zalaksinh
Plot No. 422/2, Sec-6/A, Gandhinagar

**નામ બદલેલ છે**

મારું નામ માનસી દીલીપસિંહ ચૌહાણ હતું તે બદલીને ચૌહાણ મહેશ્વરી ઝલકસિંહ રાખેલ છે.

લી.
ચૌહાણ મહેશ્વરી ઝલકસિંહ
પ્લોટ નં. ૪૨૨/૨, સે.૬/એ, ગાંધીનગર


# કેપિટલ સ્ટેશન પર આજથી ભાવનગરની ટ્રેન શરૂ થશે

**આગામી ૨૨ એપ્રિલ સુધી અન્ય તમામ ટ્રેન બંધ રહેશે : બરોડા, આણંદ રૂટની ડેમુ ઝડપથી ચાલુ કરવા વિદ્યાર્થીઓની માંગણી**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર રેલવે સ્ટેશન પર છેલ્લા કેટલાક દિવસોથી ટ્રેઈનની અવરજવર બંધ થઈ ગઈ છે. સ્ટેશન પર ટ્રેઈન આવતી બંધ થતા




રેલયાત્રિકો તેમજ વિદ્યાર્થીઓએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જો કે આજથી ભાવનગર ગાંધીનગર રૂટની ટ્રેઈન શરૂ થઈ જશે.પ્લેટફોર્મ નં -૧ પર કામ ચાલતુ હોવાથી આ ટ્રેઈન પ્લેટફોર્મ નં -૨ પર આવશે ત્યારબાદ બપોરે પરત ભાવનગર જશે.

ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારમાં હાલ ફાઈવ સ્ટાર હોટલ તેમજ બ્રિજ નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે જયારે આ કામગીરીને અનુલક્ષી ટ્રેક પણ ખોદી નાંખવામાં આવ્યો છે. ત્યારે હાલ કેપિટલ સ્ટેશન પર ટ્રેઈનની અવરજવર થતી નથી. જેના લીધે વિદ્યાર્થીઓ તેમજ રેલયાત્રિકોને પારવાર હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં હજુ પણ આગામી તા ૨૨ એપ્રિલ સુધી ટ્રેઈનો બંધ રહેશે. જેના લીધે રેલયાત્રિકોને સ્ટેશન પરથી કોઈ ટ્રેઈન નહીં મળે પરંતુ તા ૩૧ માર્ચથી ભાવગનર ગાંધીનગર વચ્ચેની ટ્રેઈન શરૂ કરી દેવાશે. પ્લેટફોર્મ નંબર -૧ પર કામગીરી ચાલી રહી હોવાથી પ્લેટફોર્મ નં -૨ પર ભાવનગરની ટ્રેઈન આવશે. સવારે આ ટ્રેઈન ગાંધીનગર સ્ટેશન આવ્યા બાદ બપોરે ૩:૩૦ કલાકે આ ટ્રેઈન પરત જશે. ગાંધીનગર સ્ટેશન પર હાલ ટ્રેઈન બંધ હોવાના લીધે આણંદ અને વડોદરા રૂટમાં મોટી સંખ્યામાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ ટ્રેઈન ઝડપથી શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



## લીંબડીયામાં ઈવીએમ નિદર્શનનો કાર્યક્રમ યોજાયો

લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લા ચૂંટણીપંચ દ્વારા જિલ્લામાં વિવિધ ગામોમાં મતદાન જાગૃતિ અને મતદાન વિશે જનજાગૃતિ સંદર્ભે ઈવીએમના નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લાના લીંબડીયા ગામમાં ઈવીએમ નિદર્શનના કાર્યક્રમમાં વીવીપેટ મશીન કેવી રીતે કામ કરે છે. તમે જેને મત આપો છો તેમાં જ મતદાન થાય છે. સહિતની પ્રાયોગિક અને મૌખિક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ, ગામના આગેવાનો તથા પ્રાથમિક શાળાના શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સંદેશ લાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી અટલજી પણ જ્યારે ગાંધીનગરની બેઠક લડવા આવ્યા ત્યારે જે દશ્ય હતુ તેમાં આજના આ દશ્યમાં થોડોક નહિ પણ ખાસ્સો ફેર જોવા મળતો હતો.

તુલના નહિ પણ આજનુ દશ્ય એ ભાજપ એ વેળાએ કાર્યકર્તાઓની પાર્ટી દેખાઈ આવતી હતી જ્યારે માસ પાર્ટીમાં આ પક્ષ રૂપાંતરિત થયો છે તે સ્પષ્ટ દેખાતુ હતુ. આજે રાષ્ટ્રીય અધ્યક્ષ ફોર્મ ભરવા આવ્યા હતા અને રાષ્ટ્રીય નેતાઓની હાજરી હતી.

જો કે રાષ્ટ્રીય નેતાઓએ કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હોત તો આજનો માહોલ જુદો હોત. કાર્યકર્તા હાજર હતો પણ માત્ર નેતાઓની ઝલક માણવા માટે કાર્યકર્તા ઉત્સાહિત હતો પરંતુ તેમાં જોશ દેખાતુ ન હતુ.

૨૦૦૯ના નવા સીમાંકન પછી આ ત્રીજો જંગ છે. આ જંગ માટે કોંગ્રેસ પક્ષે હજુ તેના પત્તા ખોલ્યા નથી પણ જંગ માટે જે રીતે કોંગ્રેસ તૈયારી કરી રહી છે તે જંગ રોચક બનાવશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

ગરમીના પ્રકોપ વચ્ચે કાર્યકર્તાઓને ઠંડકની અનુભૂતિ થાય તે માટે સ્પ્રીંકલરો મુકાયા હતા. માનવ સાંકળ પણ રચાઈ હતી. પરંતુ શહેરના અને જિલ્લાના કાર્યકરોની સંખ્યા ઓછી જણાતી હતી. જિલ્લો પાંચ વિધાનસભા મત વિસ્તારો ધરાવે છે પણ ત્રણ સંસદીય મતવિસ્તારોમાં વહેંચાયેલો છે તે એટલુ જ નોંધનીય છે. જોકે આજે કાર્યકર્તાઓમાં પૂર્વ ધારાસભ્યો નજરે પડ્યા હતા પરંતુ અમદાવાદની પાંચ બેઠકોના ધારાસભ્યોની ગેરહાજરીનો ગણગણાટ પણ જોવા મળતો હતો.

## ફોજદારી કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્લામેન્ટની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં અમિત શાહના ૬.૧૧ લાખ રૂપિયા જમા છે. તેમની પાસે ૨.૬૧ લાખની ફીક્સ ડિપોઝીટ છે. તેમના પત્નીની ૭.૧૯ લાખ રૂપિયાની ડિપોઝીટ છે. કુલ મળીને અમિત શાહ પાસે ૧૮.૮૯ લાખ અને પત્નીના નામે ૧૮.૭૨ લાખ રૂપિયા છે.

અમિત શાહે શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં ૧૭.૫૯ કરોડ રૂપિયા અને પત્નીએ ૪.૩૬ કરોડ રૂપિયા રોક્યા છે. પત્નીના નામે લિસ્ટેડ શેરની રકમ ૪.૩૬ કરોડ રૂપિયા છે. અમિત શાહે ૧૦.૮૭ લાખનું તેમજ સોનલબેને ૧૧.૨૨ લાખનું વીમા પ્રિમિયમ ભર્યું છે.

બધી મળીને અમિત શાહ પાસે ૧૪.૯૭ કરોડની વારસાગત તેમજ ૩.૨૬ કરોડ પોતાની મિલકત છે જ્યારે પત્ની પાસે ૫.૩૦ કરોડની મિલકત છે. અમિત શાહ ખેડૂત છે, કારણ કે તેમની પાસે ખેતીની અને બિન ખેતીની જમીનો પણ છે જેનું બજાર મૂલ્ય ૧૨.૨૪ કરોડ થાય છે. અમિત શાહે વડનગરમાં પણ જમીન લીધી છે જે કરબટીયા ગામમાં આવેલી છે.

તેમની પત્નીના નામની જમીનની બજાર કિંમત ૩.૦૫ કરોડ ગણવામાં આવી છે. તેમની પાસે આર્થિક જવાબદારીઓ નથી, એટલે કે તેમણે કોઈ લોન લીધી નથી. અમિત શાહનો અભ્યાસ એસવાય બીએસસી છે, જે તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી કર્યુ છે.


**ROOPKALA**
The silver shop
**માત્ર ચાંદીનો શો-રૂમ**
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


# અમિત શાહના ઉમેદવારી પત્રની સાથે સાથે...

- ગાંધીનગર શહેરમાં સવારથી જ કેસરીયો માહોલ સર્જાયો હતો.
- સે-૨, ૩, ૬, ૭, સિવિલ કેમ્પસ તેમજ સે-૧૧ ખાતે વાહનનો ખડકલો સર્જાયો હતો.
- માર્ગ વચાળે નડતર રુપ વાહનોને ટ્રોંઈગ કરીને દુર લઈ જવાયા હતા.
- ભાજપના કાર્યકરો માટે ઠંડા પાણી અને છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ઘ-દોઢથી કલેકટર કચેરી સુધી ૧૨ ડોમ સાઉન્ડના ઉભા કરવામાં આવ્યા હતા. જેથી એક સ્થળેથી આપવામાં આવતી સુચના દરેક કાર્યકરોને મળતી હતી.
- શહેરના વિવિધ સમાજો અને સંસ્થાઓ દ્વારા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



- ઘ માર્ગ પર કાર્યકરો અડચણ રુપ ન બને તે માટે આડશ માટે લોખંડના થાંભલાની ગ્રીલ ઉભી કરવામાં આવી હતી.
- ડી.જે. અને નાસિક ઢોલના તાલે કાર્યકરો ઝુમતા નજરે પડ્યા હતા.
- ઘ માર્ગ નજીક ઉભા કરાયેલા સ્ટેજ પર ઉભા રહેલા નેતાઓની સાથે સેલ્ફી લેવા માટે કાર્યકરો પડાપડી કરતા હતા.
- માણસા તાલુકામાંથી આવેલા બીજેપીના કાર્યકરોએ નેતા નહીં બેટા હે લખેલી ટી-શર્ટ પહેરી હતી.
- મહિલા કાર્યકરોએ ભગવા કલરની કમળવાળી ગુજરાતી સાડી અને યુવા કાર્યકરોએ મોદી અને અમિત શાહના ફોટાવાળી ટીશર્ટ પહેરી હતી.
- ‘‘મોદી અગેઈન’’ અને ‘‘મે ભી ચોકીદાર’’ લખેલી ટોપી-ટી-શર્ટ યુવાઓમાં હોટ ફેવરીટ હતી.
- અમિત શાહનું સ્વાગત કાર્યકરો દ્વારા ઠેરઠેર ગુલાબની પાંદડીઓ અને હારથી કરવામાં આવ્યું હતું.
- ઉનાળાની કાળઝાળ ગરમી હોવા છતા નાના બાળકથી લઈને મોટી ઉંમરના વડીલો પણ ખડેપગે ઉભા રહ્યા હતા.
- ઉનાળાની ગરમીમાં કાર્યકરો કંટાળી ના જાય તે માટે માનવ સાંકળના રૂટમાં સ્પ્રીન્કલરની મદદથી કાર્યકરોને પાણીની વાછટ ઉડતા ઠંડક મળતી હતી.
- માનવ સાંકળના રૂટમાં કાર્યકરો માટે ઠંડા પાણી અને છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ગરમીથી કંટાળેલા કાર્યકરો બીજેપીની છત્રી નીચે ઉભા રહેવા મથામણ કરતા હતા. પંરતુ છત્રીઓના રહેતા કાર્યકરોને ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો.
- શહેરમાં સૌ પ્રથમવાર આટલી મોટીસંખ્યામાં કાર્યકરો ઉમેદવારીપત્ર નોંધાવવા માટે આવેલા ઉમેદવાર સાથે આવ્યા હતા.
- ઘ માર્ગ પર સવારથી જ ટ્રાફિક સિનારીયો બદલાયો હતો થોડા સમય માટે આ માર્ગ વન વે કરી દેવાતા ઘ માર્ગ પર દિવસ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.
- ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ ફસાઈ જતા કાર્યકરોએ એમ્બ્યુલન્સ માટે માર્ગ મોકળો કરી દીધો હતો.



- ઘ માર્ગ પર કાર્યકરોની વચ્ચે ગાય નીકળતા શાંતિથી પસાર થવા દેવા માટે સુચના આપવામાં આવી હતી.
- અમિત શાહનો કાફલો પોણા બે વાગ્યાના અરસામાં ગાંધીનગર કલેકટર કચેરી ખાતે પહોંચ્યો હતો.
- અમિત શાહની સાથે કલેકટર કચેરી ખાસે અન્ય મહાનુભાવો તેમજ વીવીઆઈપીઓ ઉપસ્થિત રહ્યા હતા.
- મંચ પર માઈક લઈને કાર્યકર્તાઓનો જુસ્સો વધારવા પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ અપીલ કરી રહ્યા હતા તે દરમિયાન ભાજપના એક મહિલા આગેવાન કાર્યકરને નામજોગ સંબોધન કરીને મંચ પાસેથી દુર ખસી જવાનું જણાવતા મહિલા કાર્યકર ગુસ્સે ભરાયા હતા. આ મામલે થોડીવાર ચકમક પણ ઝરી હતી.
- પરીન્દુ ભગત ઉર્ફે કાકુભાઈની ચાંદીની નાનકડી ડબ્બી ખોવાઈ જવા પામી હતી. જેની શોધખોળ માટે ભારે જહેમત કલેકટર ઓફિસ ખાતે ચાલી હતી.
- પૂર્વ મેયર પ્રવિણ પટેલ ચોકીદારની ટોપી પહેરી નજરે પડ્યા હતા.
- અમિત શાહને આવકારમાં માટે ખેડબ્રહ્માથી ખાસ ઢોલ રમતા આદિવસીઓની ટીમને પણ બોલાવવામાં આવી હતી. તે કાર્યકરોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.
- કાર્યકરોને પીવાના પાણી માટે ખાસ વાન ફરતી રાખવામાં આવી હતી.
- ડે. સીએમ. નિતિન પટેલ અમિતભાઈ ફોર્મ ભરવા માટે આવ્યા ત્યારે ચાલતા આવ્યા હતા, તો મહામંત્રી કે.સી.પટેલ દોડતા કારના કાફલાની આગળ નજરે પડયા હતા.
- કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ અને રાજયના પૂર્વ ગૃહમંત્રી તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એક જ કારમાં આવ્યા હતા. તેમના પત્ની, પુત્રવધુ અને પૌત્રી બીજી ગાડીમાં સવાર હતા.
- ચોકીદારોના રોડ શો માં ૧૨ જેટલા કાર્યકરોના ખીસ્સા કપાયા હતા.
- શહેરનો ઘ માર્ગ ખાલી પાણીની બોટલો અને છાશની થેલીઓથી છવાઈ ગયો હતો. જયારે સ્વસ્છતા જાળવવા અને કચરો યોગ્ય સ્થળે નાંખવા માટે સતત માઈકમાં અપીલ કરવામાં આવતી હતી.
- સ્ટેજ નજીક ગરમા ગરમી વચ્ચે મામલો બીચકતા ભાજપની મહિલા કાર્યકરે એક પત્રકારનો મોબાઈલ ફોન આંચકી રકઝક કરી હતી.
- આકરા તાપમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે માર્ગની બંન્ને બાજુએ ઉભા રહેલા કાર્યકરો અમિત શાહનું આગમન થતા ભારે ઉત્સાહમાં આવી ગયા હતા.
- અમિત શાહ ઉમેદવારી પત્ર ભરવા માટે આવવાના હોવાથી સવારથી જ શહેરના હાર્દ સમા પથિકાશ્રમ વિસ્તારમાં હાથમાં ભાજપના ઝંડા તેમજ કમળના કાર્ડ લઈને કેસરીયો ખેસ ધારણ કરી કાર્યકરો ઉમટી પડ્યા હતા. જેના લીધે બપોર સુધી સમગ્ર માર્ગ કેસરીયો બની ગયો હતો.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ